# જાહેર અગત્યની બાબત પર માન. આરોગ્ય મંત્રીશ્રીનું ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ -૪૪ હેઠળ નિવેદન.

---

તા. ૨૩/૦૮/૨૦૨૪

**માન. અધ્યક્ષશ્રી,**

- જન્મજાત બહેરાશ ધરાવતા બાળકમાં શ્રવણ કૌશલ્ય પુર્ણ રીતે વિકસી શકતું નથી. બાળકની સાંભળવા માટેની કુશળતાનાં વિકાસ થકી જ વાણીનો વિકાસ શક્ય બને છે. આવા બાળકોમાં જન્મજાત બહેરાશની એકમાત્ર સારવાર કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી છે.
- ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ દ્વારા જન્મજાત બહેરાશની તકલીફ ધરાવતા બાળકો માટે પ્રથમ વખત વિનામૂલ્યે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી અને ૧૦૦ સ્પીચ થેરાપી સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર વર્ષ–૨૦૧૩ થી પૂરી પાડવામાં આવી રહી છે.
- આરોગ્ય કર્મીઓ દ્વારા ઘરે–ઘરે મુલાકાત દરમિયાન, ઘનિષ્ઠ નવજાત શિશુ સારવાર કેન્દ્રોમાં તેમજ ડિસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર અને આંગણવાડી કેન્દ્રો ખાતે RBSK મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા જન્મજાત બહેરાશ ધરાવતા બાળકની પ્રાથમિક તપાસ કરી બાળકને નિષ્ણાંત દ્વારા નિદાન માટે ઉચ્ચસ્તરીય હોસ્પિટલ ખાતે મોકલવામાં આવે છે. જ્યાં જરૂરી એસેસમેન્ટ કરવામાં આવે છે, અને જરૂરીયાત જણાયેલ બાળકોને સંલગ્ન રીજીયોનલ કોક્લિયર કમિટી મારફતે સરકારી/GMERS મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવે છે.
- છેલ્લા 10 વર્ષમાં રાજ્યના ૩૧૬૩ બાળકોની અંદાજિત રૂ. ૨૨૧ કરોડના ખર્ચે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સર્જરી કરાય છે. જેનો અંદાજીત ખર્ચ રૂ. ૭ લાખ થાય છે, જે અમારી સરકાર બાળકોને સંપૂર્ણપણે વિનામૂલ્યે કરી આપે છે.
- કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરેલ બાળકોમાં કોક્લિયર મશીનનું એક્ષ્ટર્નલ સાઉન્ડ પ્રોસેસર ખોવાઇ જવું, તૂટી જવું કે કામ કરતું બંધ પડી જવું તેવા કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે.

- આથી, જે બાળકોને સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઇમ્પ્લાન્ટ કરવામાં આવેલ હોય તેવા બાળકોને બીજી વખત ઇમ્પ્લાન્ટ પ્રોસસર બદલવા માટે અગાઉ કુલ રકમના ૯૦ % રાજ્ય સરકાર દ્વારા અને ૧૦ % રકમ વાલીએ ફાળા તરીકે આપવાની તેવું નક્કી કરાયુ હતુ. જેના બદલે હવે સંપૂર્ણપણે વિનામુલ્યે પ્રોસેસર બદલી આપવાનો નિર્ણય કરાયો છે. એટલે કે સાઉન્ડ પ્રોસસર ખોવાઇ જાય, તૂટી જાય કે કામ કરતું બંધ પડી જાય તેવા કિસ્સાઓમાં તેમજ પ્રોસેસરની કંપની દ્વારા આપવામાં આવેલી વોરંટી પૂર્ણ થઇ ગયેલા કિસ્સાઓમાં જયારે પ્રોસેસર બદલવાની જરૂર જણાશે તો તેનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવશે. આવા બાળકોના માતા-પિતાએ એકપણ રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં.
- વધુમાં જે લાભાર્થીઓએ સરકારી સહાય વગર પોતાના ખર્ચે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરાવેલ છે તેવા કિસ્સામાં ચાર લાખથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓને એકવાર સરકાર તરફથી પ્રોસેસર આપતી વખતે લાભાર્થી પાસેથી કુલ ખર્ચના ૧૦ % ફાળો જ લેવામાં આવશે.
- ચાલુ વર્ષે ઉકત ૧૩૬૫ બાળકો પૈકી અંદાજે ૭૦૦ બાળકોનાં કોક્લિયર ઇમ્પ્લાન્ટ એક્ષ્ટર્નલ પ્રોસેસર માટે અંદાજે રૂપિયા ૩૫ કરોડની વધારાની જરૂરિયાત રહેશે.
- માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ જ્યારે વિકસીત ભારત–૨૦૪૭નો સંકલ્પ કર્યો હોય ત્યારે રાજ્યના પ્રત્યેક બાળકને શારિરીક સશક્ત બનાવવા એ અમારો મૂળ ધ્યેય મંત્ર છે.